રાજ્યના નિવૃત્ત રમતવીરોને પેન્શન
આપવાની યોજના.

ગુજરાત સરકાર,
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંક: રમત/૧૦૨૦૧૩/૧૬૨/બ(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૨/૦૮/૨૦૨૩

**વંચાણે લીધા:**

(૧) આ વિભાગનો તા.૦૨/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: રમત/૧૦૨૦૧૩/૧૬૨/બ.

(૨) આ વિભાગનો તા.૨૪/૦૮/૨૦૨૨નો ઠરાવ ક્ર: યસપ/૧૦૨૦૨૨/૪૯૩/પાયકા.

(૩) સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના તા.૦૩/૦૬/૨૦૨૩ના પત્ર ક્રમાંક:એસએજી/નિવૃત્ત રમતવીર/પેન્શન ઠરાવ સુધારો/૨૦૨૩-૨૪.

**ઠરાવ:**

રાજ્યના જે રમતવીરોએ રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો હોય અને જેઓ આર્થિક રીતે નિ:સહાય હોય તેવા રમતવીરોને પેન્શન આપવાની યોજના આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૦૨/૦૪/૨૦૧૬ના ઠરાવથી અમલમાં છે. આ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના તા.૨૪/૦૮/૨૦૨૨ના ઠરાવથી નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર હસ્તકની રમતગમત સંબંધિત યોજનાઓ/પ્રવૃત્તિઓને ગુજરાત ખેલ સત્તા મંડળ(સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત)ને તબદીલ કરવામાં આવેલ છે. જે પરત્વે વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના તા.૦૩/૦૬/૨૦૨૩ના પત્રથી સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા કરેલ દરખાસ્ત અન્વયે તા.૦૨/૦૪/૨૦૧૬ના ઠરાવમાં જરૂરી સુધારા વધારા સાથેનો ઠરાવ નવેસરથી પ્રસિધ્ધ કરવાનું વિચારણા હેઠળ હતું.

પુખ્ત વિચારણાને અંતે "નિવૃત્ત રમતવીરોને પેન્શન" આપવાની યોજના નવેસરથી નીચે પ્રમાણેની વિગતે પ્રસિધ્ધ કરવા તથા અમલ કરવા ઠરાવવામાં આવે છે.

## નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના

૧. નામ: આ યોજનાનું નામ નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના રહેશે.

૨. પાત્રતા: આ યોજના હેઠળ ગુજરાતના વતની અને નીચેની શરતો સંતોષતા હોય તેવા નિવૃત્ત (૫૦ વર્ષથી વધુ ઉંમરના) રમતવીરો પેન્શન મેળવવા માટે અરજી કરી શકશે.

૩. શરતો: (૧) પોતાની કારકિર્દી દરમ્યાન રમતગમત ક્ષેત્રે રાષ્ટ્ર કક્ષાએ વ્યક્તિગત કે સાંઘિક રમતમાં ગોલ્ડ, સિલ્વર કે બ્રોન્ઝ મેડલ મેળવેલ હોય કે રાજ્ય તરફથી નેશનલ માટે મોકલાયેલ ટીમના તે સભ્ય હોય તેવા રમતવીરને પાત્ર ગણવામાં આવશે.

(૨) જે નિવૃત્ત રમતવીરો યુવાન વયે પોતાની કારકિર્દી દરમ્યાન ૩૫ વર્ષની ઉંમર સુધી રાજ્યનું પ્રતિનિધિત્વ કરી રાષ્ટ્ર કક્ષાએ રમતોમાં ભાગ લઈ પદ પ્રાપ્ત કરી રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધારી રમતોમાં ભાગ લીધેલ હોય તેવા ખેલાડીઓ નિવૃત્ત રમતવીરને પાત્ર ગણવામાં આવશે.

(૩) જે રમતો સરકારશ્રી દ્વારા યોજવામા આવતી તથા રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના માન્ય ફેડરેશન દ્વારા જે તે સમયે યોજવામાં આવેલ હોય તેવી જે તે સમયની તમામ ઓલમ્પિક રમતો અને પારંપરિક રમતો જેવી કે કબડ્ડી, ખોખો, યોગાસન અને મલખમ જેવી રમતોને માન્ય ગણવામાં આવશે.

(૪) ૩૫ વર્ષની ઉંમર સુધીમાં રાષ્ટ્રીય કક્ષાએ ઉપર મુદ્દામાં જણાવેલ રમતોમાં ભાગ લઈ પદ પ્રાપ્ત કરેલ હોય તેવા નિવૃત્ત રમતવીરોને પાત્ર ગણવામાં આવશે.

(૫) સરકારશ્રીમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલ હોય તથા અન્ય જગ્યાએથી જો નાણાકીય લાભ મેળવતા હોય તો તેઓશ્રી જો સરકારશ્રી દ્વારા અન્ય લાભો મેળવતા હોય તો એક વ્યક્તિને બે લાભ આપી શકાશે નહીં.

(૫) દિવ્યાંગ ખેલાડીઓને પણ આ યોજનાનો લાભ આપવાનો રહેશે.

૪. રકમ: આ યોજના અન્વયે પાત્રતા ધરાવતા રમતવીરને આવકની કોઈ મર્યાદા વગર તેઓને માસિક રૂ.૩૦૦૦/-(અંકે રૂપિયા ત્રણ હજાર પુરા)ની રકમ ચૂકવાશે. આ રકમ માસિક ધોરણે ચૂકવાશે.

૫. સમિતિ: દર વર્ષે પેન્શન કોને આપવું તે અંગેની ભલામણ નીચે મુજબની ઉચ્ચ કક્ષાની સમિતિ દ્વારા કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| (૧) | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | અધ્યક્ષ |
| (૨) | ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર. | સભ્ય |
| (૩) | સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી(ર.ગ.), રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સભ્ય |
| (૪) | સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર. | સભ્ય |
| (૫) | નાણા સલાહકારશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | સભ્ય |
| (૬) | ચીફ કોચશ્રી(કોચિંગ), સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર. | સભ્ય |
| (૭) | ચીફ કોચશ્રી(યોજના), સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર. | સભ્ય સચિવ |

આ યોજના હેઠળ મળેલી અરજીઓની ચકાસણી સમિતિ કરશે અને પોતાનો નિર્ણય સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતને મોકલશે. સમિતિનો નિર્ણય આખરી ગણાશે. અને તે અંગે કોઈ વિવાદ કરી શકાશે નહી.

૬. અરજી: આ યોજના હેઠળ પેન્શન મેળવવા ઈચ્છતા નિવૃત્ત રમતવીરોએ આ સાથે સામેલ નમૂના પ્રમાણેના **<u>અરજીપત્રકમાં</u>** "અરજી" જે તે જિલ્લાના કલેક્ટરશ્રીની ભલામણ સાથે બે નકલમાં ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરને મોકલવાની રહેશે. કલેક્ટરશ્રીએ અરજીમાં દર્શાવેલ વિગતોની ખરાઈ કરવાની રહેશે તથા ખેલાડીઓની વિગતો એકઠી કરીને કોઈ ગુનાહીત પ્રવૃત્તિ કે અન્ય વાંધાજનક વિગતો ન હોય તો ભલામણ કરીને રાજ્ય સરકારને મોકલવાની રહેશે.

૭. આ અંગે મળેલ અરજીઓની ચકાસણી બાદ ઉચ્ચ કક્ષાની સમિતિના નિર્ણય અનુસાર નાણાકીય વર્ષ મુજબ મંજૂરીના જરૂરી હુકમો કાઢી રકમની ચૂકવણી સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા કરવાની રહેશે અને તે અંગેની જાણ સરકારશ્રીને કરવાની રહેશે.

૮. પેન્શન સ્થગિત: પેન્શનની ચૂકવણી અંગેના હુકમો કર્યા બાદ તે સ્થગિત કરવા પડે એવા કોઈ સંજોગો ઉભા થાય તો તે સ્થગિત કરવા અંગેના હુકમો સરકારની મંજૂરી મેળવ્યા બાદ કરવાનાં રહેશે.

૯. આખરી પેન્શન: રમતવીરોનું જે માસમાં નિધન થાય તે માસ સહિતની આખરી પેન્શનની રકમની ચુકવણી તેમની વિધવા પત્ની/પતિ અથવા તેમના પતિ/પત્નીનું પણ આ પહેલા નિધન થયેલ હોય તો તેમના કાયદેસરના વારસદારને ચુકવણી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર માનનીય રાજ્યકક્ષા મંત્રીશ્રી(રમતગમત અને યુવક સેવા) દ્વારા તા.૨૬/૦૭/૨૦૨૩ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધર્મિષ્ઠાબા ઝાલા),
ઉપસચિવ(ર.ગ.),
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(રમતગમત અને યુવક સેવા), સ્વર્ણિમ સંકુલ-૨, ૧ લો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
- માહિતી કમિશનરશ્રી, કર્મયોગી ભવન, બીજો માળ, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય.
- સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- નાણા સલાહકારશ્રી(ર.ગ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વેબ મેનેજરશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની સાઈટ પર અપલોડ કરવા સારૂ.)
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૩.

# નિવૃત રમતવીરોને પેન્શન માટેનું અરજીપત્રક

ડાયરેક્ટર જનરલશ્રી,
સ્પોર્ટસ્ ઓથોરિટી ઓફ ગુજરાત,
વહિવટી બિલ્ડીંગ, સેક્ટર-૧૩/બી,
ગાંધીનગર - ૩૮૨૦૧૬.

| અરજી કર્યાની તારીખે પાસપોર્ટ સાઇઝનો ફોટો |
|---|

વિગત :-

૧. પુરૂ નામ (અટક સાથે) :-

૨. જન્મ તારીખ અને અરજી કર્યા તારીખે ઉંમર:-

૩. પત્રવ્યવહારનું સરનામું:- ..........................................................................

..........................................................................................................................

..........................................................................................................................

૪. રમતગમત, પ્રવૃતિઓની સિધ્ધિઓની વર્ષવાર વિગત (પ્રમાણપત્ર, અખબારના કટીંગ હોય તો તેની ખરી નકલ)

૫. શરીર પરના કાયમી બે ઓળખ ચિન્હો

સ્થળ :- :-સહી..

તારીખ:-

## કલેક્ટરશ્રીનું પ્રમાણપત્ર

નિવૃત રમતવીરોને પેન્શન યોજના લાભાર્થીશ્રી.........................................ની અરજીમાં દર્શાવેલ વિગત સત્ય છે.

કલેકટરશ્રી
જીલ્લો